# ત્રીજા તબક્કામાં વિક્રમી મતદાન

## હરિયાણામાં ૭૩, કેરળમાં ૭૪ ટકાથી ઉંચુ મતદાન : દિલ્હીમાં ૬૪ અને ઉત્તરપ્રદેશમાં ૬૫ ટકાથી વધુ મતદાન

## મહારાષ્ટ્રમાં અપેક્ષાથી ઓછું મતદાન નોંધાયું : હિંસાના છૂટાછવાયા બનાવ સિવાય શાંતિપૂર્ણ મતદાન

નવી દિલ્હી, તા.૧૦

દિલ્હી, ઉત્તરપ્રદેશ, કેરળ સહિત ૧૧ રાજ્યો અને ત્રણ કેન્દ્ર શાસિત પ્રદેશોને આવરી લેતી ૯૧ લોકસભાની બેઠક માટે ત્રીજા તબક્કામાં આજે હિંસાના છુટાછવાયા બનાવ અને કેટલીક જગ્યાઓએ ઈવીએમને આંચકી લેવાના બનાવ સિવાય શાંતિપૂર્ણરીતે એકંદરે રેકોર્ડ મતદાન થયું હતું. મોટાભાગના રાજકીય પંડિતો માની રહ્યા છે કે, લોકો વર્તમાન કરતા વધુ સારી સરકાર માટે મત આપી રહ્યા છે. દિલ્હીમાં રેકોર્ડ ૬૪થી પણ વધુ મતદાન થયું હતું જે ૨૦૦૯માં યોજાયેલી ચૂંટણી કરતા ૧૨ ટકા વધુ મતદાન છે. આવી જ રીતે ઉત્તરપ્રદેશના હિંસાના છુટા છવાયા બનાવો વચ્ચે પ્રથમ તબક્કામાં ૬૫ ટકાથી પણ વધુ મતદાન થયું હતું. જ્યારે ઓરિસ્સામાં રેકોર્ડ ૬૭થી ૭૦ ટકા વચ્ચે મતદાન થયું હતું. હરિયાણામાં ૭૦થી ૭૪ ટકા વચ્ચે રેકોર્ડ મતદાન થયું હતું. કેરળમાં પણ રેકોર્ડ ૭૪ ટકાથી વધુ મતદાન થયું છે. જો કે, મહારાષ્ટ્રમાં અપેક્ષા કરતા ઓછું મતદાન નોંધાયું હતું.

મહારાષ્ટ્રમાં ૫૪.૧૩, જમ્મુમાં ૬૬.૨૯, મધ્યપ્રદેશમાં ૫૫.૯૮ ટકાથી વધુ મતદાન થયું હતું. ત્રીજા તબક્કામાં ૯૧ બેઠક પૈકી મોટાભાગની બેઠકમાં રેકોર્ડ ઉંચુ મતદાન થતાં રાજકીય પક્ષોમાં નવી ગણતરીનો દોર શરૂ થયો છે. લોકસભાની એકમાત્ર બેઠક

● અનુસંધાન પાન-૭ પર



ઈલેક્શન કાઉન્ટ-ડાઉન

VOTE 19

દિવસ બાકી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૦ ૧૧ એપ્રિલ, ૨૦૧૪, શુક્રવાર; ચૈત્ર સુદ - ૧૧ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# હવે, ગાંધીનગર બેઠક પર ૨૦ ઉમેદવારો

## એક ઉમેદવારીપત્ર રદ અને બે ડમી આપોઆપ રદ થતાં ૨૦ ઉમેદવારો જંગમાં : આ વખતે પણ બહુકોણીય જંગ ખેલાશે : ગત ચૂંટણીમાં ૧૯ ઉમેદવારોએ ઝુકાવ્યુ હતુ : સૌથી વધુ અપક્ષો મેદાનમાં

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સંસદીય મત વિસ્તાર માટે આજે ઉમેદવારી પત્રોની ચકાસણી દરમ્યાન એક ઉમેદવારનું ઉમેદવારી પત્ર રદ કરવામાં આવ્યું છે જ્યારે બે ડમી ઉમેદવારોના ઉમેદવારી પત્રો પણ આપોઆપ રદ થતા હોવાથી હવે આ બેઠક પર ૨૦ ઉમેદવારો મેદાનમાં રહેવા પામ્યા છે.

આ ઉમેદવારોમાં ભાજપ-કોંગ્રેસ-બસપા અને આપ સિવાય ૧૨ અપક્ષ ઉમેદવારો તેમજ રજીસ્ટર્ડ પાર્ટીના ઉમેદવારો મેદાનમાં રહેવા પામ્યા છે.

આજે જિલ્લા કલેક્ટર વ ચૂંટણી અધિકારી શ્રી ડૉ. સ્વરૂપના અધ્યક્ષપદે ઉમેદવારી પત્રોની ચકાસણી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જે એક કલાક કરતાં પણ વધુ સમય સુધી ચાલી હતી.

પ્રાપ્ત થતી વિગતો મુજબ રણછોડલાલ રાજમલ મહાજન રાષ્ટ્રીય સમાજવાદી પાર્ટી (એસ) ના ઉમેદવારનું ફોર્મ રદ કરવામાં આવ્યું છે. મહાજને તેમના ૧૦ સમર્થકો પૈકી

● અનુસંધાન પાન-૭ પર

### અપક્ષ ઉમેદવારના સમર્થકને ચકાસણી દરમ્યાન ખેંચ આવતાં પડી ગયા...

ગાંધીનગર, તા. ૧૦

આજે ગાંધીનગર કલેક્ટર કચેરી ખાતે ઉમેદવારી પત્રોની ચકાસણી અંગે પ્રક્રિયા ચાલી રહી હતી ત્યારે જ એક અપક્ષ ઉમેદવારના સમર્થનને ખેંચ આવતાં કલેક્ટરની ચેમ્બરમાં ઢળી પડ્યા હતા.

એક મિનિટ માટે તો ચેમ્બરમાં શું થયું ? તેવો પ્રશ્ન સૌને મુંજવી ગયો હતો. તાબડતોબ ૧૦૮ બોલાવી આ સમર્થકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.



વેકેશનની અનુભૂતિ - શાળાકીય પરીક્ષાઓ લગભગ પૂર્ણતાને આરે છે અને વેકેશન બારણે આવી પહોંચ્યું છે ત્યારે બાળકો મોજમસ્તીથી વેકેશનનું ભાવપૂર્વક સ્વાગત કરે છે... બગીચામાં સાથી મિત્રો સાથે રમવાની મજા એ બાળકોની એક અલૌકિક અનુભૂતિ હોય છે અને એને જ બાળપણ કહેવાય... આવા બાળકોની તસવીર આપણને સૌને ઉલ્લાસના વાતાવરણમાં લઈ જવા મજબૂર કરે છે... (તસવીર : દિપક જાની)

## NEWS બિટ્સ

**● મુખ્તાર અન્સારી વારાણસીથી ચૂંટણી નહી લડે**


વારાણસીમાં હવે



ત્રિપાંખીયો જંગ ખેલાશે. વારાણસીમાં અગાઉ આ વિસ્તારના બાહુબલી નેતા ગણાતા મુખ્તાર અન્સારી લડવાના હતા પરંતુ તેઓએ અહીંથી લડવાનું માંડી વળ્યું છે. હવે અહીં ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી, આમ આદમી પાર્ટીના અરવિંદ કેજરીવાલ અને કોંગ્રેસના અજય રાય વચ્ચે ત્રિપાંખીયો જંગ ખેલાશે. અત્રે ઉલ્લેખનીય છે કે મુખ્તાર અન્સારી ૨૦૦૯ની ચૂંટણીમાં અહી બીજા ક્રમે રહ્યા હતા.

**● મોદીની કોઈ લહેર નથી : પ્રિયંકા ગાંધી**

દિલ્હી લોકસભાની ગુરૂવારે યોજાયેલી ચૂંટણી દરમ્યાન પતિ



રોબર્ટ વાઢેરા સાથે વોટીંગ કરવા આવેલી પ્રિયંકા ગાંધીએ વોટીંગ બાદ પત્રકારો સાથે વાતચીત કરી હતી. મોદી લહેર અંગે તેઓને પુછાયેલા પ્રશ્નમાં કહ્યું હતું કે આ માત્ર વાતો છે મોદીની કોઈ લહેર નથી.

**● ભારતમાં ફેસબુકના ૧૦ કરોડ સક્રિય યુઝર્સ**

વિશ્વની સૌથી મોટી સોશ્યલ મીડિયા કંપની ફેસબુકના



સક્રિય યુઝર્સની સંખ્યા ભારતમાં ૧૦ કરોડનો આંકડો વટાવી ગઈ છે. આ સાથે ફેસબુકે અમેરિકા પછી ભારતમાં આ સિદ્ધિ મેળવી છે. કંપની ભારત માટે એક અબજ યુઝર્સનો લક્ષ્યાંક ધરાવે છે.

# કોંગી ઉમેદવારના સોંગંદનામાને લઈ ભાજપે વાંધા લીધા..!!!

## ચકાસણી સંપન્ન થયા બાદ કોંગીએ પણ વાંધા રજુ કર્યા તે પણ ફગાવાયા

ગાંધીનગર, તા. ૧૦

આજે ઉમેદવારીપત્રો ચકાસણી દરમ્યાન ભાજપ કોંગ્રેસ દ્વારા વાંધા મુદ્દાઓ ઉપસ્થિત કરતાં સમગ્ર વાતાવરણમાં ભારે રાજકીય ઉત્તેજનાઓ પ્રસરી જવા પામી હતી.

ભાજપ તરફથી મહેસુલ મંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલ, શ્રી સુરેન્દ્રભાઈ પટેલ, શ્રી પ્રફુલ્લભાઈ બારોટ, મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, સ્ટેન્ડીંગ કમિટીના આશિષ દવે તેમજ લીગલ સેલની ટીમ ઉપસ્થિત રહી હતી.

ભાજપે કોંગ્રેસના ઉમેદવાર દ્વારા સોગંદનામામાં અધુરી વિગતો દર્શાવવામાં આવી હોવાનું જણાવ્યું હતું. બેંકલોનનો ખાતા નંબર, જવેરાતનું મૂલ્ય દર્શાવ્યુ પરંતુ વજન નહિ દર્શાવાયુ હોવા જેવા મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા.

તેમણે આ બધી બાબતોને લઈ કેટલાક સુપ્રિમ કોર્ટના ચુકાદા પણ ટાંક્યા હતા.

જો કે કોંગ્રેસ પક્ષે પણ આ અંગે

● અનુસંધાન પાન-૭ પર

# આજે જિલ્લામાં મતદાન માટે સહિ ઝુંબેશ

## શહેરના ૨૦ સ્થાનો અને માણસા, દહેગામ, કલોલના ૧૨ થી વધુ સ્થાનો પર આ ઝુંબેશ હાથ ધરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૦

લોકસભાની સામાન્ય ચૂંટણી માટે ૩૦મી એપ્રિલે યોજાનાર મતદાનમાં વધુ ને વધુ મતદારો બહાર આવી મતદાન કરે તે માટે તંત્ર દ્વારા આજે ગાંધીનગર જિલ્લામાં ૩૨ થી વધારે સ્થાનોએ મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત સહિ ઝુંબેશ યોજવામાં આવનાર છે.

ગાંધીનગર શહેરમાં આ ઝુંબેશ માટે ૨૦ સ્થળો નિયત કરવામાં આવ્યા છે. તેમજ ૭૦ થી વધુ કર્મચારીઓની ટીમો બનાવી આ કામગીરી સોંપવામાં આવી છે.

આજે આ માટે બે મોબાઈલ ટીમોને પંચના નીરીક્ષક શ્રી વિનોદ અજમેરા અને જિલ્લા કલેક્ટર ડૉ. સ્વરૂપે લીલી ઝંડી દર્શાવી વિદાય પણ આપી હતી.

ખાસ ડ્રેસ કોડ પણ આ ટીમને આપવામાં આવ્યો છે. જેમાં કેપ, ટી-શર્ટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આ ટીમ એક તંત્રએ તૈયાર કરેલ એક ખાસ કેન્વાસ પર મતદારોની સહિઓ મેળવશે.

સવારે ૭ વાગ્યાથી આ અભિયાનનો આરંભ થશે અને સાંજે ૮ વાગે તે સંપન્ન થશે. ૫૦ હજારથી પણ વધુ મતદારોની સહિ આ કેન્વાસ પર એકત્ર કરવામાં આવશે જેમાં અમે ગર્વ સાથે અવશ્ય મતદાન કરીશુ તેવુ સૂત્ર લખવામાં આવ્યું છે.

ગાંધીનગર શહેરમાં સવારે ૭ વાગે પુનિતવન, ઈન્દ્રોડા પાર્ક,

● અનુસંધાન પાન-૭ પર


## ગાંધીનગર વેપારી હિત રક્ષક સમિતી તાકીદની મિટીંગ સંદર્ભે

**ઈમ્પેક્ટ ફીની અરજી રદ થવાથી વિરોધ કાર્યવાહી કરાશે**

ગુડા દ્વારા રહેણાંક વિસ્તારમાં કોમર્શીયલ બાંધકામવાળા તમામ કોમ્પલેક્ષો તથા રહેણાંક વિસ્તારોની ઈમ્પેક્ટ ફીની અરજી સ્વીકાર્યા બાદ, કાયદાનો નકારાત્મક ઉપયોગ કરી અરજી રદ કરવાની નોટીસ બાબતે સરકારશ્રીને ઉપરોક્ત વિષય સંદર્ભે આગામી રણનિતી નક્કી કરવા તમામ અસરકર્તા વેપારીઓ/ડોકટર્સ/રહેવાસીઓની મીટીંગ આજે નીચેના સમયે યોજેલ છે. સર્વેએ પોત-પોતાની ફરજ સમજી અચૂક હાજર રહેવું

:: મીટીંગનો સમય ::

તા.૧૧/૦૪/૨૦૧૪ શુક્રવારે સમય : સવારે ૧૧-૩૦

સ્થળ : બગીચો, સે.૧૭, શોપીંગ સેન્ટરની પાસે, ગાંધીનગર



R WORLD BIG Cinemas

NOW SHOWING



R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj

Bhoothnath Returs (U) - 10.15 am, 12.30, 3.30, 4.15, 6.30, 7.15, 9.30 & 10.15 pm | Main Tera Hero (U/A) - 12.45, 3.45, 6.45 & 9.45 pm

Captain America The Winter Soldier (Hindi) (U/A) - 1.15 pm

telebooking 09377458281 | www.bigcinemas.com

facebook.com/BigCinemasIndia • feedback : support@bigcinemas.com



# બેસણું - શ્રધ્ધાંજલિ



## સ્વ.જયશ્રીબેન રાજેશકુમાર પટેલ (છાયાબેન)

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोडपराणि ।

तथा शरिराणि विहाय जिर्णान्य न्यानि संयाति नवानि देही ।।

સદ્‌ગતનું બેસણું :- તા.૧૧-૦૪-૨૦૧૪, શુક્રવાર સમય :- સવારે ૯ થી ૧૧ કલાકે

નિવાસસ્થાન :- એ-૧૮, શુકન બંગલો, આલેખ ફ્લેટ નજીક, કારગીલ પેટ્રોલ પંપ સામે, ચાણક્યપુરી, અમદાવાદ

ગં.સ્વ.ઈન્દીરાબા જશભાઈ પટેલ (સાસુજી)
રાજેશકુમાર જશભાઈ પટેલ (પતિ)
(કાર્યપાલક ઈજનેરશ્રી, ગુજરાત પોલીસ હાઉસીંગ)
એચ. જે. પટેલ (જેઠ)
હેતા રાજેશકુમાર પટેલ (પુત્રી)
ધ્રુવ રાજેશકુમાર પટેલ (પુત્ર)
સ્નેહલકુમાર આર. પટેલ (જમાઈ)

ગં.સ્વ.કૈલાસબેન કનૈયાલાલ બ્રહ્મભટ્ટ (માતૃશ્રી)
જયેશભાઈ કનૈયાલાલ બ્રહ્મભટ્ટ (ભાઈ)

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે

રાજુભાઈ સરવૈયા
ઉન્મેશભાઈ નાયક
જયેશભાઈ ગજ્જર
તરંગભાઈ પટેલ
વિનય રાજન, વિશાલ વાઘેલા

ગુજરાત પોલીસ હાઉસીંગ સ્ટાફ

દર્શનાબેન સોલંકી
કુંજલબેન ગુપ્તા
શ્રેનીબેન કંસારા
માલાબેન વાળંદ
સંધ્યાબેન સોલંકી

સદ્‌ગતને ઈશ્વર વૈકુંઠમાં વાસ કરાવે તેવી અભ્યર્થના સાથે શ્રધ્ધા સુમન અર્પણ...

સૌજન્ય :- વિપુલ ઠાકર તથા સદ્‌ગતના સ્નેહીજનો